શ્રી મુનપુર ગ્રુપ સર્વોદય કેળવણી મંડળ સંચાલિત

શ્રીમતી સી આર ગાર્ડી આર્ટ્સ કોલેજ,મુનપુર

મું.પો.મુનપુર તા.કડાણા જી-મહીસાગર ,૩૮૯૨૫૦

કોલેજ વેબસાઈટ https://munpurcollege.com

મંડળ સંચાલિત ગ્રાન્ટ-ઈન-એઇડ સંસ્થા ને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,ગાંધીનગર દ્વારા કવટ/isc3/વર્ગ-3/NOC/1198-1200 તા.૦૪/૦૨/૨૦૨૬ ના પત્રથી મળેલ જુનિયરક્લાર્ક, ની એન.ઓ.સી. અન્વયે ઓપન કેટેગરીના ઉમેદવારો પાસેથી વેબસાઈટ પર મૂકેલ નિયત નમુના મુજબની અરજીઓ, યોગ્યતાના આધારોની સ્વપ્રમાણિત નકલો સાથે જાહેરાત પ્રસિધ્ધ થયેથી આચાર્યશ્રી, શ્રીમતી સી આર ગાર્ડી આર્ટ્સ કોલેજ,મુનપુરના સરનામે દિન- ૧૦ માં ફક્ત સ્પીડ પોસ્ટ થી રજુ કરવા જણાવવામાં આવે છે.

૧ જગ્યાની વિગત

| ક્રમ | કોલેજનું નામ | જગ્યાનું નામ | કુલ ખાલી જગ્યા | કેટેગરી | લાયકાત | પગાર ધોરણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રીમતી સી આર ગાર્ડી આર્ટ્સ કોલેજ,મુનપુર | જુનિયર કલાર્ક | ૧ | ઓપન | માન્ય યુનીવર્સીટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ.કોમ્પ્યુટરનું જ્ઞાન આવશ્યક છે. | ૨૬૦૦૦ ફિક્સ પાંચ વર્ષ માટે ત્યાર બાદ નિયમાનુસાર ન્યુનતમ પગાર ધોરણમાં |

## ૨. વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાત :

માન્ય યુનિવર્સીટીમાંથી સ્નાતક પાસ કરેલ હોવા જોઈએ.

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતીના (સામાન્ય) નિયમો, ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇએ.

ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાઓનુ પુરતુ જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.
રાજ્ય સરકારના નિયમો મુજબ વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે.

એન.ઓ.સી.ની શરત મુજબ આ જગ્યા પાંચ વર્ષ માટે ફિક્સ પગારની રહેશે. પાંચ વર્ષ પૂર્ણ થયે કામગીરીની સમીક્ષા કર્યાબાદ મંજુર થયેલ લઘુત્તમ પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે.
પ્રથમ પાંચ વર્ષ દરમિયાન કોઇ ભથ્થા તેમજ તેના આનુસંગિક કે અન્ય લાભો મળવાપાત્ર રહેશે નહી.
હાલમાં નોકરી કરતા ઉમેદવારોએ પોતાના સંસ્થાના વડા મારફતે એન.ઓ.સી. પ્રમાણપત્ર સાથે અરજી કરવાની રહેશે.
નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ – ૦૪/૦૨/૨૦૨૬ ની એન.ઓ.સી. ની તમામ શરતો બંધનકર્તા રહેશે.
અધુરી વિગતોવાળી કે આધારો વગરની અરજીઓ તેમજ નિયત સમયમર્યાદા બાદ આવેલ અરજીઓ આપોઆપ રદ ગણાશે.
સદર ભરતી પ્રક્રિયા અન્વયે ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ધ્વારા નક્કી કરેલ ભરતીનાં નિયમો અને લાયકાતનાં ધોરણો મુજબ કરવામાં આવશે.
ઉમેદવારોએ કવર પર જુનિયર કલાર્ક માટેની ભરતી માટેની અરજી એમ સ્પષ્ટ લખવાનું રહેશે.
ઉપરોક્ત વેબ સાઈટ દ્વારા ભરતી પ્રક્રિયા અંગેની આગામી માહિતી પુરી પાડવામાં આવશે જેથી અવારનવાર ઉમેદવારઓએ વેબસાઇટ જોતા રહેવું.

**જુનિયર ક્લાર્ક માટેની અગત્યની સૂચના :-**

(૧) નોંધ:-

અનામત વર્ગના ઉમેદવારો બિન- અનામત જગ્યા માટે અરજી કરી શકશે અને તેઓને બિન-અનામતના ધોરણો લાગુ પડશે.
ઉમેદવાર સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫/૦૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક: સી.આર.આર/૧૦૨૦૦૦/જીઓઆર/ગ-૨ ના ઠરાવની જોગવાઈ મુજબ દિવ્યાંગતાની ૪૦% કે તેથી વધુ દિવ્યાંગતાની ટકાવારી ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફિકેટ ધરાવતા હશે, તો જ દિવ્યાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક

અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા. ૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલા નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે. તબીબી પ્રમાણપત્રને આધિન રહીને ઉપલી વયમર્યાદામાં ૧૦ વર્ષની છૂટછાટ મળશે (મહત્તમ ૪૫ વર્ષની મર્યાદામાં)

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ વાયુ અને ભૂમિ (સ્થળ) ની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખકાર્ડ અને ડિસ્ચાર્જબુક ધરાવતા હોય તો ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે.

**(૨) રાષ્ટ્રીયતા:-**

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ ના નિયમ - ૭ ની જોગવાઈ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવો જોઈએ.

**(3) વય મર્યાદા:-**

ઉંમર જાહેરાતમાં દર્શાવેલ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

ઉમેદવારની ઉંમર ૨૦ વર્ષથી ઓછી નહી અને ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઈએ અને ગુજરાત સરકારની સેવામાં હોય તેવી વ્યક્તિઓની તરફેણમાં ઉપલી વયમર્યાદા વખતો વખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કીસેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ ની જોગવાઈ અનુસાર રહેશે.

**વયમર્યાદામાં છૂટછાટ:-**

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, દિવ્યાંગ ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે. અનામત વર્ગના ઉમેદવારોનો બિન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છૂટછાટ મળશે નહી.

| કેટેગરી | છૂટછાટ | મહત્તમ વયમર્યાદા |
|---|---|---|
| સામાન્ય કેટેગરીના મહિલા ઉમેદવારોને | ૫ વર્ષ | - |
| અનામત કેટેગરીના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | - |

| | | |
|---|---|---|
| આર્થિક રીતે નબળા વર્ગના પુરૂષ ઉમેદવારોને | ૫ વર્ષ | મહત્તમ ઉપલી વયમર્યાદા મળવાપાત્ર સરકારશ્રીના નિયમોનુસાર છૂટછાટ |
| અનામત કેટેગરીના મહિલા ઉમેદવારોને (૫+૫=૧૦) | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરૂષ ઉમેદવારોને | ૧૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| સામાન્ય કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારોને (૧૦+૫=૧૫) | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા મહિલા ઉમેદવારો (૫+૧૦+૫=20) | ૨૦ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| અનામત કેટેગરીના શારીરિક અશકતતા ધરાવતા પુરુષ ઉમેદવારો (૫+૧૦+=૧૫ | ૧૫ વર્ષ | મહત્તમ વયમર્યાદા ૪૫ વર્ષ |
| માજી સૈનિક ઉમેદવારો | | ઉપલી વયમર્યાદામાં તેઓએ બજાવેલ ફરજના સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. |

**(૪) કોમ્પ્યુટની જાણકારી:-**

ઉમેદવાર રાજ્ય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૮/૨૦૦૮ તેમજ તા.૧૮/03/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦3૨૦-ગ.૫-થી નક્કી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈ પણ તાલીમી સંસ્થાના પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈએ. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈ પણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પાસ કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. તેમજ આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી

શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણુંક મેળવતાં પહેલાં અચૂક રજૂ કરવાનું રહેશે અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહીં. તેમજ નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારની પસંદગી "રદ" કરશે.

**(૫) શૈક્ષણિક લાયકાત:-**

ઉમેદવાર ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અન્ય કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી અથવા યુનિવર્સિટી ગ્રાટ કમિશન અધિનિયમ-૧૯૫૬ ની કલમ - ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈ પણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈએ અથવા સરકારે માન્ય કરેલ તેની સમકક્ષ લાયકાત ધરાવતો હોવો જોઈએ.

ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય)નિયમો ૧૯૬૭ માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈએ.

ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈએ.

**(૬) પરીક્ષા પદ્ધતિ:-**

સંસ્થા દ્વારા નિયત સમય મર્યાદામાં સ્પીડ પોસ્ટથી મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના (૧) તા.૧૮/૦૫/૨૦૨૩ ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૦૧૫/ તેમજ (૨) ૨૮/12/૨૦૨૩ના જાહેરનામા ક્રમાંક: GS/૨૦૨૩/૩૧/૦૧૨૫/K થી મંજુર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર બે તબક્કામાં પરીક્ષા લેવામાં આવશે.

રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા. ૦૮/૧૧/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ભરત/૧૦૨૦૨૩/૬૩૮૯૩૭/ક થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પદ્ધતિના નિયમો અનુસાર સંવર્ગ-૩ ના તાંત્રિક તથા બિન તાંત્રિક સંવર્ગોની [ખાસ વિષયો (Subject Specific) શૈક્ષણિક લાયકાત તરીકે જરૂરી હોય તેવા] જગ્યાઓની સીધી ભરતીથી ભરવા માટે જે સંવર્ગોના ભરતી નિયમો સાથે પરીક્ષા નિયમો નક્કી થયા નથી તેવા તમામ સંવર્ગોની પરીક્ષા પધ્ધતિ મુજબ ભરવાની રહેશે

(૭) તબક્કો – 1 : સામાન્ય પ્રારંભિક પરીક્ષા માટેની પદ્ધતિ, સમય:૬૦ મિનિટ

| | | |
|---|---|---|
| ૧ | તાર્કિક ક્ષમતા | ૪૦ ગુણ |
| ૨ | પરિમાણાત્મક અભિરુચિ (Quantitive Aptitude) | ૩૦ ગુણ |
| ૩ | અંગ્રેજી | ૧૫ ગુણ |
| ૪ | ગુજરાતી | ૧૫ ગુણ |
| | | ૧૦૦ ગુણ |

હેતુલક્ષી (વૈકલ્પિક) પ્રકારની લેખિત કસોટીમાં બહુવિધ પસંદગી પ્રશ્નો (MCQ)નો સમાવેશ થશે.

દરેક પ્રશ્ન ૧ ગુણનો રહેશે.

ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે.

ખોટા જવાબ સાથે (પ્રશ્નનો) જવાબ આપવાનો પ્રયાસ કરેલો હોય તેવા દરેક પ્રશ્નના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

દરેક પ્રશ્નમાં "પ્રયાસ નહિ કરેલ (નોન એટમ્પટેડ)" નો એક વિકલ્પ રહેશે. ઉમેદવાર જવાબ આપવા માંગતો ન હોય. તો તે આ વિકલ્પ પસંદ કરી શકશે. ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે તો નકારાત્મક ગુણ આપવામાં આવશે નહિ.

અશકત (દિવ્યાંગ) વર્ગ સાથે સંબંધિત હોય તેવા ઉમેદવારોને લાગુ પાડી શકાય તેમ પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ વીસ મિનિટનો વધારનો સમય આપી શકાશે.

ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઇપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય તો તેના ૦.૨૫ નકારાત્મક ગુણ રહેશે.

પ્રાથમિક કસોટી ફક્ત સ્ક્રિનિંગ ટેસ્ટ માટે છે. પ્રાથમિક કસોટીમાં ઉમેદવારે મેળવેલ ગુણને આખરી પસંદગી યાદી માટે ધ્યાને લેવામાં આવશે નહી.

પ્રાથમિક પરીક્ષાના અંતે મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારોની યાદી તૈયાર કરવામાં આવશે અને મેરીટના આધારે સાત ગણા ઉમેદવારોને બીજા તબકકાની મુખ્ય પરીક્ષા માટે લાયક ગણવામાં આવશે.

મુખ્ય પરીક્ષા માટે લાયક ઠરેલ ઉમેદવારો આ જાહેરાત અન્વયેની શૈક્ષણિક લાયકાત વયમર્યાદા તેમજ અન્ય જરૂરી લાયકાત સંતોષે છે તેમ માનીને મુખ્ય પરીક્ષા માટે શરતી પ્રવેશ આપવામાં આવશે.

(૮) તબકકો -૨ : મુખ્ય પરીક્ષા : જુનિયર ક્લાર્ક ૨૦૦ ગુણ સમય- ૧૨૦ મિનિટ

| | | |
|---|---|---|
| ૧ | અંગ્રેજી | ૨૦ ગુણ |
| ૨ | ગુજરાતી | ૨૦ ગુણ |
| ૩ | રાજ્ય શાસ્ત્ર/જાહેર વહીવટ –આર ટી આઈ (માહિતીની અધિકાર અધિનિયમ)સીપી એસ/પીસીએ | ૩૦ ગુણ |
| ૪ | ઈતિહાસ.ભૂગોળ,સાંસ્કૃતિક વારસો | ૩૦ ગુણ |
| ૫ | અર્થશાસ્ત્ર ,પર્યાવરણ,વિજ્ઞાન અને ટેકનોલોજી | ૩૦ ગુણ |
| ૬ | વર્તમાન બાબતો અને રીઝનિંગ સાથે વર્તમાન બાબતો | ૩૦ ગુણ |
| ૭ | રીઝનિંગ(તર્ક) | ૪૦ ગુણ |
| | કુલ | ૨૦૦ ગુણ |

હેતુલક્ષી પ્રકારની મુખ્ય પરીક્ષામાં બહુવિધ વિકલ્પ વાળા મલ્ટીપલ ચોઈસ પ્રશ્નોનો સમાવેશ થશે

દરેક પ્રશ્ન એક ગુણનો રહેશે

ઉમેદવારે તમામ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે

ખોટા જવાબ સાથે પ્રશ્નો જવાબ આપવાનો પ્રયત્ન કરેલો હોય તેવા દરેક પ્રશ્નના 0.25 નકારાત્મક ગુણ રહેશે

દરેક પ્રશ્નમાં પ્રયાસ નહીં કરેલ નોટ એટેમ્પ્ટેડ નો વિકલ્પ રહેશે ઉમેદવાર જવાબ આપવા માંગતો ન હોય તો તેણે આ વિકલ્પ પસંદ કરી શકશે ઉમેદવાર આ વિકલ્પ પસંદ કરે તો નકારાત્મક કોણ આપવામાં આવશે નહીં

ઉમેદવારે પ્રશ્નમાં આપેલા વિકલ્પો પૈકીનો કોઈપણ વિકલ્પ પસંદ કર્યો ન હોય તો પછી તેના 0.25 નકારાત્મક ગુણ રહેશે

અશક્ત દિવ્યાંગ વરના હોય તેવા ઉમેદવારોને પ્રશ્નપત્રના દરેક કલાક માટે કલાક દીઠ ૨૦ મિનિટનો લાગુ પડતો હોય તેટલો વધારાનો સમય આપવામાં આવશે

દરેક પ્રશ્નપત્રનો વિસ્તૃત અભ્યાસક્રમ બોર્ડ મંડળ અથવા સરકાર ઠરાવે અને જાહેર કરે તેવો રહેશે.
નોંધ અભ્યાસક્રમની વિષયવસ્તુ નિયત કરેલ શૈક્ષણિક લાયકાત મુજબ રહેશે.

## લઘુત્તમ લાયકી ધોરણ:-

પ્રારંભિક પરીક્ષા તથા મુખ્ય પરીક્ષા માટે ઉમેદવારે આપેલ પરીક્ષામાં મેળવેલ ગુણનું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ ૪૦ ટકા રાખવામાં આવેલ છે.

ઉમેદવારે પ્રત્યેક તબકકાની પરીક્ષામાં લઘુત્તમ લાયકી ગુણવત્તાનું ધોરણ ૪૦ ટકા માર્કસ નિયત કરવામાં આવેલ છે. તેમાં કોઈ પણ કેટેગરીના ઉમેદવારો માટે ૪૦ ટકા માર્કસ કરતાં ઓછું ન્યુનત્તમ ગુણવત્તા ધોરણ **(Qualifying Standard)** કોઈ પણ સંજોગોમાં નકકી કરી શકાશે નહીં.

## પગાર ધોરણ:-

નાણાં વિભાગનાતા ૧૬/૦૨/૨૦૧૬ ના તથા તા.૨૯/૦૪/૨૦૧૦ અને તા.૦૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-૩-૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝન તથા છેલ્લે નાણાં વિભાગના તા.૧૮/૧૦/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: ખચર-૨૦૦૨-૫૭-(પાર્ટ-૪)-ઝ-૧ અન્વવે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. તદઉપરાંત સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ. ૫ અને નાણાં વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨-૫૭(પાર્ટ-૩)/ ઝ-૧ તા.૧૮/૦૧/૨૦૧૭ તથા તા.૧૮/૧૦/૨૦૨૩ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેલી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

## ૮ સામાન્ય સૂચનાઓ:-

**(૧)** ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે, અન્યથા અરજીપત્રક જે - તે તબકકે 'રદ" ગણવામાં આવશે.

(૨) ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો ચોટાડેલ છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાત-સંવર્ગની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો

ઉપયોગ કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરી પત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.

(૩) ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે નંબર ચાલુ જ રાખવો. અરજીપત્રકમાં દર્શાવેલ મોબાઈલ નંબર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યાં સુધી જાળવી રાખવો આપના હિતમાં છે.

(૪) મંડળ જે કોઈ ઉમેદવારને (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫) યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે (૭) પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે હસ્તલેખિત સાહિત્યની મદદથી અથવા વાતચીત દ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે (૮) લખાણોમાં અશ્લિલ ભાષા, બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે (૯) પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે (૧૦) પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે (૧૧) પૂર્વવર્તી ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા (૧૨) પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યું હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-(ક) મંડળ, તે જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા (ખ)(૧) મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા (૨) રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. (૧૩) ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/ સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર ક્યારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની અરજી આપોઆપ "રદ" થવાને પાત્ર બનશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં

આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ "રદ" કરી શકાશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી / નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/ નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે "રદ" કરવામાં આવશે.

(૬) મંડળ દ્વારા લેવાનાર સ્પર્ધાત્મક પ્રાથમિક પરીક્ષા કે મુખ્ય પરીક્ષામાં ઉત્તિર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૭) પસંદગી પામેલ ઉમેદવાર નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણોસર સંબંધિત જગ્યા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી. તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) આ જાહેરાત અન્વયે અર્થઘટન બાબતે જે તે સંવર્ગના ભરતી નિયમો અને પરીક્ષા નિયમોની જોગવાઈ આખરી રહેશે.

(૧૦) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૧) ભરતી સબંધી તમામ સૂચનાઓ જે તે સમયે કોલેજની વેબસાઈટ મુકવામાં આવશે.

(૧૨) આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે રદ કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં. સંબધિત ભરતી પ્રક્રિયાનું ન્યાય ક્ષેત્ર કડાણા  જિ-મહીસાગર રહેશે.

સ્થળ : મુનપુર                                                        પ્રમુખશ્રી

તારીખ :  ૧૮/ ૦૨/ ૨૦૨૬                                     શ્રી મુનપુર ગ્રુપ સર્વોદય કેળવણી મંડળ